©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, JULY 17, 2025 / ASHADHA 26, 1947 [No. 29

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧૧મી માર્ચ, ૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૨૬/૨૦૨૫/એસબી૧/ઓએસએ/૧૦૨૦૨૪/૧૯૫.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક. જીજી/૨૬/૨૦૨૫/એસબી૧/ઓએસએ/૧૦૨૦૨૪/૧૯૫:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ (૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, સદરહુ સ્થળને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહુ સ્થળે ચોંટાડવી.

આ જાહેરનામાનો કોઈપણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ:-

૧. ગુજરાત રાજ્યના પોલીસદળના સભ્યો;

૨. સંઘના લશ્કરી, નૌકા અથવા હવાઈદળના સભ્યો,

૩. ઉપર્યુક્ત સ્થળોમાં નોકરીએ રાખેલી વ્યક્તિઓ; અને

૪. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૪માં ઉલ્લેખેલા મેજિસ્ટ્રેટ.

ઉપર્યુક્ત કક્ષાની વ્યક્તિઓને માત્ર તેમની સત્તાવાર ફરજો બજાવવા માટે જ મુક્તિ આપવામાં આવશે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળોનું નામ અને સ્થળની હદોનું વર્ણન.

અનુક્રમાંક	ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને ક્ષેત્રફળ	પ્રતિબંધિત વિસ્તારની હદો
૧.	સીજીઈ હાઈબ્રિડ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ. લોંગડી વિન્ડ એન્ડ સોલર પૂલિંગ સબસ્ટેશન	ગામ: લોંગડી તાલુકો:- મહુવા જિલ્લો: ભાવનગર	સરવે/ બ્લોક નંબર: ૪૨/૫ પૈકી ૫, ૪૨/૫ પૈકી ૬, ૪૨/૫ પૈકી ૭ કુલ ક્ષેત્રફળ: ૬૭૧૭૮ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૬૭૧૭૮ ચોરસ મીટર	<u>પૂર્વે:</u> લીલવણ ગામની હદ <u>પશ્ચિમે:</u> સરવે/ બ્લોક નંબર: ૪૨/૫ પૈકીની જમીન <u>ઉત્તરે:</u> સરવે/ બ્લોક નંબર: ૪૨/૬ પૈકીની જમીન <u>દક્ષિણે:</u> રાણીવાડા ગામની હદ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રદ્ધા પરમાર,

ગુજરાત સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ: ૧૯મી માર્ચ, ૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક: જીજી/૩૬/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૮૪.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક. જીજી/૩૬/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૮૪:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ (૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, આ અનુસૂચિમાં વર્ણવેલા કેઈર્ન ઓઈલ એન્ડ ગેસ અને વેદાંતા લિમિટેડના એબોવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન (એજીઆઈ)-૨૩, ગામ- કુંતલપુર, તાલુકો - મુળી, જિલ્લો- સુરેન્દ્રનગર, ગુજરાતને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન.

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને ક્ષેત્રફળ	પ્રતિબંધિત વિસ્તારની હદો
કેઈર્ન ઓઈલ એન્ડ ગેસ, વેદાંતા લિમિટેડ. એબોવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન (એજીઆઈ)-૨૩	ગામ: કુંતલપુર તાલુકો:- મુળી જિલ્લો: સુરેન્દ્રનગર	૫૨૧/૨૬/ પૈકી ૧ કુલ ક્ષેત્રફળ: ૪૮૬૩ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૪૮૬૩ ચોરસ મીટર	પૂર્વે: સરવે નંબર ૫૨૧/૨૬ પૈકીની જમીન. પશ્ચિમે: સરવે નંબર ૫૨૧/૨૬ પૈકીની જમીન. ઉત્તરે: કુંતલપુર - વડધ્રા રોડ. દક્ષિણે: સરવે નંબર ૫૨૧/૨૬ પૈકીની જમીન.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગ-ના તારીખ: ૧૫મી એપ્રિલ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૫૨/૨૦૨૫/એચડી/એમકેએમ/ઈ-ફાઈલ/૮/૨૦૨૩/૩૮૯૨/ઈ૧.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Jamadar, Class III, in the subordinate service of Directorate of Prohibition and Excise, Departmental Examination Rules, 2025

નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, જમાદાર, વર્ગ ૩, ખાતાકીય પરીક્ષા નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫ મી એપ્રિલ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીજી/૫૨/૨૦૨૫/એચડી/એમકેએમ/ઈ-ફાઈલ/૮/૨૦૨૩/૩૮૯૨/ઈ૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, કોન્સ્ટેબલ, વર્ગ ૩-ની જગા પર નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, જ્યાં સુધી તે, નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, જમાદાર, વર્ગ ૩-ની જગા પર બઢતી માટે પાત્ર થવા, તેમની ખાતાકીય પરીક્ષા પાસ કરવાને સંબંધિત છે ત્યાં સુધી, નિયમન કરવા માટે, જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, જમાદાર, વર્ગ ૩, ખાતાકીય પરીક્ષા નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે નશાબંધી અને આબકારી નિયામકની તાબાની કચેરીની સેવામાં, કોન્સ્ટેબલ, વર્ગ ૩-ની જગા પર બઢતીથી અથવા સીધી પસંદગીથી નીમવામાં આવેલી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) 'પરિશિષ્ટ' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) 'નિયત તારીખ' એટલે જે તારીખે આ નિયમો અમલમાં આવે તે તારીખ;

(ગ) 'નિયામક' એટલે નશાબંધી અને આબકારી નિયામક;

(ઘ) 'પરીક્ષા' એટલે આ નિયમો હેઠળ ઠરાવેલી નશાબંધી અને આબકારી નિયામકની કચેરીમાં, જમાદાર, વર્ગ ૩-ની જગા પર બઢતી માટેની ખાતાકીય પરીક્ષા;

(ચ) 'સરકાર' એટલે ગુજરાત સરકાર;

(છ) 'જમાદાર' એટલે નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, જમાદાર, વર્ગ ૩;

(જ) 'નિર્દિષ્ટ તકો' એટલે કોઇ વ્યક્તિએ જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે માટે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

(ઝ) 'નિર્દિષ્ટ મુદત' એટલે કોઇ વ્યક્તિએ જે મુદતની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે માટે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત.

૩. પરીક્ષા પાસ કરવાની જરૂરિયાત.-

કોન્સ્ટેબલની જગા પર નિમાયેલી વ્યક્તિએ, જમાદાર-ની જગા પર બઢતીને પાત્ર થવા માટે પરીક્ષા પાસ કરવી જોઇશે.

૪. પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની પાત્રતા.-

(૧) કોઈપણ વ્યક્તિ, જેણે કોન્સ્ટેબલની જગા પર તેની નિમણૂક થયા પછી, બે વર્ષની સેવા પૂરી કરી હોય તે સિવાય, પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર રહેશે નહિ.

(૨) કોઈપણ વ્યક્તિ, જેણે કોન્સ્ટેબલની જગા માટેની તાલીમાંત પરીક્ષા પાસ કરી હોય અથવા તાલીમાંત પરીક્ષા, કોઇ હોય, તો તેમાંથી તેને સક્ષમ સત્તામંડળ દ્વારા મુક્તિ આપવામાં આવી હોય તે સિવાય, પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર થશે નહિ.

૫. પરીક્ષા પાસ કરવા માટેની નિર્દિષ્ટ તકો અને મુદત.-

(૧) જમાદાર-ની જગા પર બઢતી માટે પાત્ર થવા માટે વ્યક્તિએ, તેની કોન્સ્ટેબલની જગા પર નિમણૂક પછી, તેની બે વર્ષની સતત (સળંગ) સેવા પૂર્ણ કર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર અને ત્રણ તકોની અંદર પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિને, ઠરાવેલી ફીની ચૂકવણી કર્યા સિવાય, વધુ એક તક આપી શકાશે, જે તેની ત્રીજી તકની પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર ઉપયોગમાં લેવી જોઇશે.

(૨) વ્યક્તિ, આ નિયમોમાં ઉલ્લેખેલી પરીક્ષા, નિર્દિષ્ટ મુદતની અંદર અને નિર્દિષ્ટ તકોની અંદર પાસ કરવામાં નિષ્ફળ જાય, તો તે, આવી રીતે નિષ્ફળ થવા છતાં, સરકાર વખતોવખત નક્કી કરે તેવી પરીક્ષા ફી ભર્યેથી, કોઇ સમયે પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને પાત્ર થશે અને તે સદરહુ પરીક્ષા પાસ કરે, તો તે બઢતી માટે પાત્ર થશે:

પરંતુ જે વ્યક્તિઓએ તેના કરતાં પરીક્ષા વહેલી પાસ કરી હોય અને પરીક્ષા પાસ કર્યેથી, આવી બઢતી માટે તે પાત્ર થાય તે પહેલાં, આ નિયમો હેઠળ જમાદારની જગા પર બઢતી આપવામાં આવી હોય તે વ્યક્તિઓ ઉપર સિનિયોરીટીનો દાવો કરવા માટે તેવી વ્યક્તિ હકદાર થશે નહિ.

(૩) પરીક્ષામાં ઉપસ્થિત નહિ થવાને, એક તક તરીકે ગણવામાં આવશે.

૬. ખાતાકીય પરીક્ષાનો અભ્યાસક્રમ અને પરીક્ષાની યોજના:-

(૧) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ-'ક'-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) પરીક્ષા બે પ્રશ્નપત્રોની રહેશે, દરેક પ્રશ્નપત્ર ૧૦૦ (એક સો) ગુણનું રહેશે. પ્રશ્નપત્ર-૧ બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)નું રહેશે અને પ્રશ્નપત્ર-૨ વર્ણનાત્મક પ્રકારનું રહેશે.

(૩) ઉમેદવારોને પ્રશ્નપત્ર-૧ના પ્રશ્નોના જવાબ, પુસ્તકોની મદદથી આપવાની પરવાનગી આપવામાં આવશે અને પ્રશ્નપત્ર-૨ ના જવાબ, પુસ્તકો વિના આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ: "પુસ્તકો સાથે" એટલે સરકારે મંજૂર કરેલા વિષયનું અસલ (મૂળ) પુસ્તક અથવા તેમાં કોઇ વિવરણ (ટિપ્પણી) અથવા કેસ લો (પૂર્વ-કાયદા) સિવાયના મૂળ (ફક્ત) અધિનિયમો અને/અથવા નિયમોનો તેમજ સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા અથવા મંજૂર કરેલા નિયમસંગ્રહનો સમાવેશ થાય છે.

૭. પરીક્ષાનું માધ્યમ.-

પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ, પરીક્ષાનું માધ્યમ, ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૮. પરીક્ષા યોજવા બાબત.-

(૧) નિયામકે, વર્ષમાં ઓછામાં ઓછી બે વાર પરીક્ષા યોજવી જોઇશે.

(૨) નિયામક દ્વારા ઠરાવવામાં આવેલી કામચલાઉ તારીખ પહેલાં ઓછામાં ઓછા નેવું દિવસ પહેલાં, કચેરીના સંબંધિત વડાને, પરીક્ષાના કામચલાઉ કાર્યક્રમની જાણ કરવી જોઇશે.

(૩) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતી હોય તેવી વ્યક્તિએ, પરીક્ષાની તારીખના ઓછામાં ઓછા સાઠ (૬૦) દિવસ પહેલાં, આવી પરીક્ષા માટે ઉમેદવાર તરીકે તેનું નામ નોંધાવવા માટે, પોતાની અરજી, પરિશિષ્ટ 'ખ' માં નિર્દિષ્ટ કરેલા નમૂનામાં, કચેરીના સંબંધિત વડા મારફત, નિયામકને મોકલવી જોઇશે.

(૪) કચેરીના સંબંધિત વડાએ, પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની તેની પાત્રતાના સંબંધમાં અરજીની ચકાસણી કરવી જોઈશે અને પરિશિષ્ટ ગ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે (તેના) પાત્રતા પ્રમાણપત્ર સાથે તે (અરજી), નિયામકને મોકલવી જોઈશે.

(૫) અરજદાર, ત્યાર પછી પરીક્ષામાં ઉપસ્થિત ન થવાનો નિર્ણય કરે, તો તેણે પરીક્ષાની આરંભની તારીખના ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં, કચેરીના સંબંધિત વડા મારફતે નિયામકને તેની જાણ કરવી જોઈશે.

(૬) પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવ્યા પછી, કોઈ વ્યક્તિ પેટા- નિયમ (૫)માં ઉલ્લેખ કર્યા પ્રમાણે જાણ કર્યા વિના, તેમાં (તે પરીક્ષામાં) ઉપસ્થિત થવામાં નિષ્ફળ રહે, તો તેણે પરીક્ષા પાસ કરવાની એક તક ગુમાવી હોવાનું ગણાશે:

પરંતુ નિયામકને એવી ખાતરી થાય કે વ્યક્તિ તેની કાબૂ બહારના કારણોસર સમયમર્યાદામાં આવી જાણ કરવામાં નિષ્ફળ ગયો છે, તો તે વ્યક્તિના પક્ષે પેટા-નિયમ (૫)માં ઉલ્લેખ્યા પ્રમાણે જાણ કરવામાં થયેલી ચૂક અને તેમાંથી ઉદભવતા પરિણામો માટે માફી આપી શકશે.

(૭) ઉમેદવાર, પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર છે તેવા કચેરીના સંબંધિત વડા દ્વારા કાઢી આપવામાં આવેલા પ્રમાણપત્રને આધારે નિયામકે, પરીક્ષામાં ઉમેદવારને પ્રવેશ આપવો જોઈશે.

(૮) પરીક્ષા યોજવા માટેના સ્થળ, તારીખ અને સમયની જાણ, નિયામક દ્વારા કરવી જોઈશે અને સંબંધિત કચેરીના વડા દ્વારા તેની જાણ ઉમેદવારોને કરવી જોઈશે.

૯. પરીક્ષા પાસ કરવા માટેનું પાત્રતા ધોરણ.-

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું પાત્રતા ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવવામાં આવેલ કુલ ગુણના પચાસ ટકા (૫૦%)નું રહેશે.

(૨) એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં પચાસ ટકા (૫૦%) અથવા તેથી વધુ ગુણ પ્રાપ્ત કરે તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષામાં આ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત થવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) ઉમેદવારે, આ પરીક્ષામાં ફક્ત એક પ્રશ્નપત્રમાં લાયકી ધોરણ મેળવેલ ન હોય તેવા કિસ્સામાં, તેવા ઉમેદવારને, તે પ્રશ્નપત્રના કુલ ગુણના ૫% ગુણ સુધી કૃપા ગુણ આપવામાં આવશે અને ત્યાર પછી, તે લાયકી ધોરણ જેટલા અથવા તેથી વધુ ગુણ મેળવે, તો તેને પાસ થયેલો જાહેર કરવામાં આવશે.

૧૦. પરીક્ષાનું પરિણામ.- નિયામક, પરીક્ષાનું પરિણામ, તેની સત્તાવાર વેબ-સાઈટ પર પ્રસિદ્ધ કરશે અને તેને ગૃહ વિભાગને અને સંબંધિત કચેરીઓના વડાને મોકલશે. સંબંધિત કચેરીના વડાએ, ઉમેદવારોને પરિણામની જાણ કરવી જોઈશે.

૧૧. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઈ).-

કોઈપણ ઉમેદવારને પરીક્ષા ખંડમાં, સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર (સંદેશા-વાહક), સ્માર્ટ વોચ, ઈ-પેડ વગેરે જેવા કોઈ ઈલેક્ટ્રોનિક સંદેશા-વ્યવહારના સાધનો, પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૨. પ્રોત્સાહન.- પ્રથમ તકમાં પરીક્ષામાં એંસી ટકા (૮૦ %) અથવા તેથી વધુ એકંદર ગુણ મેળવ્યા હોય તેવા ઉમેદવારને, સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેવા પ્રોત્સાહન તરીકે રકમ ચૂકવવામાં આવશે.

પરિશિષ્ટ-"ક"

(જુઓ નિયમ ૬(૧))

નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, જમાદાર, વર્ગ ૩-ની જગા પર બઢતી માટે ખાતાકીય પરીક્ષા માટેનો અભ્યાસક્રમ

પ્રશ્નપત્ર-૧: (MCQ (બહુવિધ પસંદગી પ્રશ્નો))

સમયગાળો: ૩ કલાક.

કુલ ગુણ: ૧૦૦.

હેતુલક્ષી - પુસ્તકો સાથે.

૧. ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

૨. કેફી ઔષધ અને મન:પ્રભાવી દ્રવ્ય અધિનિયમ, ૧૯૮૫.

૩. મુંબઇ વિદેશી દારૂ નિયમો, ૧૯૫૩.

૪. મુંબઇ રેક્ટીફાઇડ સ્પિરિટ નિયમો, ૧૯૫૧.

૫. ગુજરાત વિદેશી દારૂ (આયાત અને નિકાસ) નિયમો, ૧૯૬૫.

૬. મુંબઇ નશાબંધી (સ્પિરિટનું ઉત્પાદન) (ગુજરાત) નિયમો, ૧૯૬૩.

૭. મુંબઇ કાકવી નિયમો, ૧૯૫૫.

૮. મુંબઇ વિદેશી દારૂ અને રેક્ટીફાઇડ સ્પિરિટ (હેરફેર) ફી નિયમો, ૧૯૫૪.

૯. ગુજરાત સીધી હેરફેર નિયમો, ૧૯૬૬.

૧૦. મુંબઇ નશાબંધી (પ્રિવિલેજિસ (વિશેષાધિકાર ફી) નિયમો, ૧૯૫૪.

નોંધ: ઉપરોક્ત વખતોવખત તે હેઠળ બહાર પાડવામાં આવેલા તમામ સુધારા, પરિપત્રો, જાહેરનામા અને હુકમો વગેરેનો સમાવેશ થશે.

પ્રશ્નપત્ર-૨: (વર્ણનાત્મક)

નોંધ અને મુસદ્દાલેખન

સમયગાળો: ૩ કલાક.

કુલ ગુણ: ૧૦૦.

વર્ણનાત્મક - પુસ્તકો સાથે.

૧.	ગુજરાતીમાં નોંધ, મુસદ્દાલેખન અને વહીવટી શબ્દભંડોળ	૪૦ ગુણ
૨.	ગુજરાતીમાં નિબંધ લેખન	૨૦ ગુણ
૩.	સરકારી પત્રવ્યવહાર- પત્રોના વિવિધ પ્રકારો અને તેમની વચ્ચેનો તફાવત	૧૫ ગુણ
૪.	અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર	૧૦ ગુણ
૫.	સરકારી હુકમના વિવિધ પ્રકારો, તેનો ઉપયોગ; મહત્વ (જીઆર, જાહેરનામું, પરિપત્ર, કચેરી હુકમ, યાદીપત્ર, વગેરે.)	૧૫ ગુણ

પરિશિષ્ટ "ખ"

(જુઓ નિયમ ૬(૩))

અરજીનો નમૂનો

નશાબંધી અને આબકારી નિયામકની કચેરીમાં, જમાદાર, વર્ગ ૩-ની જગા પર બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની અરજી

૧.	અરજદારનું પૂરું નામ: (અટક પહેલા) (અંગ્રેજી અને ગુજરાતીમાં)	
૨.	હોદ્દો: (અંગ્રેજી અને ગુજરાતીમાં)	
૩.	જેમાં હાલ સેવા આપી રહ્યા હોય તે કચેરીનું નામ:	
૪.	જન્મ તારીખ અને આ પરીક્ષાના સમયે ઉમર: (માત્ર તારીખ મહિના વર્ષ (DDMMYYYY) ના ફોર્મેટમાં જન્મતારીખ)	જન્મતારીખ: __/__/____ ઉમર : આજ રોજ _____ વર્ષ

૫.	હાલની જગામાં નિમણૂકની તારીખ અને સેવાના કુલ વર્ષ:	નિમણૂકની તારીખ: / / સેવાના વર્ષની સંખ્યા: _____ વર્ષ _____ મહિના
૬.	અરજદાર અગાઉ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યો છે કે કેમ? જો એમ હોય, તો	
	(ક) જે પરીક્ષામાં તે/તેણી ઉપસ્થિત રહી હોય તે પરીક્ષાનો મહિનો અને વર્ષ.	
	(ખ) કોઇ મુક્તિ મળી છે કે કેમ, હોય તો, ગુણ, પરીક્ષાનું વર્ષ અને વિષયની વિગતો આપવી.	
	(ગ) અરજદાર મળેલી મુક્તિનો લાભ લેવા ધારે છે? “હા” અથવા”ના” જણાવવું (પસંદગી આખરી ગણવામાં આવશે અને તેમાં કોઇપણ ફેરફારની પરવાનગી મળશે નહિ).	હા/ ના _____
૭.	જે સત્તાધિકાર અથવા નિયમો હેઠળ ઉમેદવારે પરીક્ષામાં ઉપસ્થિત થવાનું હોય, તે સત્તાધિકાર અથવા નિયમો.	
૮.	અરજદારે પરીક્ષા જેટલી તકોમાં અને જે સમય-મર્યાદાની અંદર પાસ કરવી જરૂરી હોય તેની વિગતો (પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની પાત્રતા અને મુદતની સમાપ્તિની તારીખ જણાવવી).	તકોની સંખ્યા: _____ ઉપસ્થિત રહેવા માટેની યોગ્યતાની તારીખ: / /
૯.	પૂર્ણ કરેલા પ્રયત્નોની સંખ્યા	
૧૦.	વધારાની તક આપી છે? (જે હેઠળ અરજદારને વધારાની તક આપી હોય, તે હુકમનો નંબર અને તારીખ, નિર્દિષ્ટ કરવા અને તેની નકલ મોકલવી.)	
૧૧.	પરીક્ષા પાસ કરવાનો હેતુ (બહાલી, સરકારી સેવામાં પ્રતિધારણ, બઢતી વગેરે).	
૧૨.	અરજદાર ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર છે કે કેમ?	
૧૩.	વિશેષ નોંધ, કોઇ હોય તો.	

સ્થળ: (અરજદારની સહી)

તારીખ :

પરિશિષ્ટ ‘ગ’

(જુઓ નિયમ ૮(૪))

પાત્રતા માટેનું પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરી આપવામાં આવે છે કે-

(૧) ઉપરની વિગતોની ખરાઇ કરવામાં આવી છે અને તે ખરી જણાઇ છે. શ્રી/શ્રીમતી/ કુમારી ..... તારીખ ..... ના રોજ યોજાનાર નશાબંધી અને આબકારી નિયામકની કચેરીમાં, જમાદાર, વર્ગ ૩-ની જગા પર બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર છે.

(૨) * જરૂરી ફીની ચૂકવણી કરી છે, ચલણની નકલ આ સાથે જોડી છે.

(૩) *ઉમેદવારને વધારાની તક આપવામાં આવે છે, હુકમની નકલ જોડેલી છે.

સ્થળ: .....

તારીખ : .....

વિભાગ/કચેરીના વડાની સહી અને હોદ્દો

*લાગુ ન પડતું હોય તે છેકી નાખવું.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

મયુરસિંહ વાઘેલા,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ-ના તારીખઃ ૨૧મી એપ્રિલ, ૨૦૨૫-ના સરકારી હુકમ ક્રમાંક. કેપી/૨૦૨૫-નો ૧૫/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૫/સેક્શન-જે-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

The Gujarat Panchayats Act, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી એપ્રિલ, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક.કેપી/૨૦૨૫-નો ૧૫/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૫/સેક્શન-જે:- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના સરકારી જાહેરનામાં ક્રમાંક. કેવી-૨૦૨૫-નો ૨૨-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૪૫૪/પી સેક્શન, કેવી-૨૦૨૫-નો ૨૩-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૪૫૪/પી સેક્શન અને કેવી-૨૦૨૫-નો ૨૪-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/ ૫૪૫૪/પી સેક્શન-થી, નડીયાદ જિલ્લાના. યોગીનગર, પીપલગ, ડુમરાલ, ફતેપુર, કમલા, મંજીપુરા, બીલોદ્રા, ઉત્તરસંડા અને ટુંડેલ ગ્રામ પંચાયતોના વિસ્તારોને મોટા શહેરી વિસ્તારો તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને નડીયાદ શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરી છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો, મોટા શહેરી વિસ્તારો હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, નડીયાદના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણપણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તાલુકા પંચાયત, નડીયાદના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તાલુકા પંચાયત, નડીયાદના સંબંધિત મતદાર વિભાગનો ચૂંટાયેલો પ્રતિનિધિ, તાલુકા પંચાયત, નડીયાદનો પ્રતિનિધિ હોતો બંધ થતો હોવાથી, તાલુકા પંચાયત, નડીયાદના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા તાલુકા પંચાયત, નડીયાદના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનું નક્કી કર્યું છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિમય, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮-મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વચગાળાના પગલાં તરીકે વિદ્યમાન તાલુકા પંચાયત, નડીયાદના સભ્યોની સંખ્યા કામચલાઉ રીતે ૨૬માંથી ઘટાડીને ૨૪ કરે છે;

૨. જેમને સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા હોય તેવા તાલુકા પંચાયત, નડીયાદના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલા તાલુકા પંચાયત, નડીયાદના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧.	ખેડા	નડીયાદ	૨૨ - ટુંડેલ	મેઘાબેન અલ્પેશભાઈ પટેલ
૨.	ખેડા	નડીયાદ	૨૩ - ઉત્તરસંડા-૧	વિનુભાઈ પૂનમભાઈ ભુરિયા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૨૦૨૫

માર્ગ અને મકાન વિભાગનું તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫-નું જાહેરનામું ક્રમાંક. જીજે-૨૦૨૫નો ૧/બીસીએસ-૧૧-૨૦૦૫-(૪)-ઈ૨-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATON

Regarding

Amendment to the Junior Architect, Class II, Recruitment Rules, 2015

જુનિયર સ્થપતિ (જુનિયર આર્કિટેક્ટ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા બાબત

જાહેરનામું

માર્ગ અને મકાન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીજે-૨૦૨૫નો ૧/બીસીએસ-૧૧-૨૦૦૫-(૪)-ઈ૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, જુનિયર સ્થપતિ (જુનિયર આર્કિટેક્ટ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો જુનિયર સ્થપતિ (જુનિયર આર્કિટેક્ટ), વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. જુનિયર સ્થપતિ (જુનિયર આર્કિટેક્ટ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના, નિયમ ૨-માં, ખંડ (ક)માં, "સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, 'સારા' નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૪માં,-

(૧) ખંડ (ક)માં, "૩૩ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ" એ આંકડા અને શબ્દોને બદલે, "૩૮ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ" એ આંકડા અને શબ્દો મૂકવા.

(૨) ખંડ (ગ)માં, પેટા-ખંડ (૨)ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો:-

"(૨) આર્કિટેક્ટના વ્યવસાય માટેની જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી, મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સ્થાપત્ય મદદનીશ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ જગા ગણી શકાય તેવી જગા પરનો, સરકાર/સ્થાનિક મંડળો/સરકારી હસ્તક/બોર્ડ/કોર્પોરેશન/કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાંનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હિતેશ પટેલ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ-ના તારીખઃ ૭મી એપ્રિલ, ૨૦૨૫-ના જાહેરનામા ક્રમાંક. કેપી/૨૦૨૫ નો ૧૭/પીઆરએચઆરડીડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૦૪૬૭/ચ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,
સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India.

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૨૦૨૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: કેપી/૨૦૨૫ નો ૧૭/પીઆરએચઆરડીડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૦૪૬૭/ચ:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ સાથે વાંચતા, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ના ખંડ (જ)થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી,-

(૧) અનુસૂચિના કોલમ ૫-માં દર્શાવેલા વિદ્યમાન ગામમાં, કોલમ ૪-માં દર્શાવેલા સરદાર સરોવર પુનર્વસવાટ એજન્સીના વસાહત (કોલોનિઝ)ના સ્થાનિક વિસ્તારોનો સમાવેશ કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોનો સમાવેશ કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના વિદ્યમાન ગામમાં કોલમ ૪-માં દર્શાવેલ વિસ્તાર સહિત કોલમ ૫-માં દર્શાવેલ ગામ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લાનું નામ.	તાલુકાનું નામ.	વસાહતનું નામ.	જેમાં વસાહતનો સમાવેશ કરવાનો છે તે વિદ્યમાન ગામનું નામ.
૧	૨	૩	૪	૫
૧	છોટાઉદેપુર	બોડેલી	ફાટા નર્મદા વસાહત	કંડેવાર
૨			ઝાંખરપુરા નર્મદા વસાહત	ઝાંખરપુરા
૩			ઝોઝ નર્મદા વસાહત	ઉટકોઈ
૪		ક્વાંટ	ખાંડણીયા-૨ નર્મદા વસાહત	નલવાંટ
૫		નસવાડી	ભાકા નર્મદા વસાહત	ભાકા
૬			જેમલગઢ નર્મદા વસાહત	જેમલગઢ
૭			કાલીડોરી નર્મદા વસાહત	કાલીડોરી
૮			કંકુવાસણ નર્મદા વસાહત	સીંધીકુવા
૯			કોલુ નર્મદા વસાહત	પાલા
૧૦			નવગામ નર્મદા વસાહત	નવગામ
૧૧		સંખેડા	કાલીડોરી (સિહાદ્રા) નર્મદા વસાહત	વાસણા
૧૨			સરસીંડા (કાજી) નર્મદા વસાહત	સરસીંડા
૧૩			વડદલા નર્મદા વસાહત	વાસણા
૧૪			વાસણા-૧ નર્મદા વસાહત	વાસણા
૧૫			વાસણા-૨ નર્મદા વસાહત	વાસણા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ-ના તારીખઃ ૨૫મી એપ્રિલ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએસ/૨૦૨૫/૮/જીએડી/ઈઓસી/ઈ-ફાઈલ/૧/૨૦૨૩/૬૪૭૬/એસ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Statistical Assistant, Class III, in the Directorate of Economics and Statistics, Recruitment Rules, 2025

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, આંકડા મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએસ/૨૦૨૫/૮/જીએડી/ઈઓસી/ઈ-ફાઈલ/૧/૨૦૨૩/૬૪૭૬/એસ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં, આંકડા મદદનીશ, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, આંકડા મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં, આંકડા મદદનીશ, વર્ગ ૩ની જગા પરની નિમણૂક, જેણે-

(ક) (૧) અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં, કારકુન, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, 'સારા'નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે; તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૫-ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ-૨-ના પેટા-નિયમ (ખ)માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી મુખ્ય વિષય તરીકે આંકડાશાસ્ત્ર (સ્ટેટિસ્ટિક્સ) અથવા પ્રયોજિત આંકડાશાસ્ત્ર (એપ્લાઇડ સ્ટેટિસ્ટિક્સ) અથવા ગાણિતિક આંકડાશાસ્ત્ર (મેથેમેટિકલ સ્ટેટિસ્ટિક્સ) અથવા વાણિજ્યિક આંકડાશાસ્ત્ર (બિઝનેસ સ્ટેટિસ્ટિક્સ) અથવા અર્થશાસ્ત્ર (ઇકોનોમિક્સ) અથવા પ્રયોજિત અર્થશાસ્ત્ર (એપ્લાઇડ ઇકોનોમિક્સ) અથવા વ્યાપાર અર્થશાસ્ત્ર (બિઝનેસ ઇકોનોમિક્સ) અથવા અર્થમિતિ (ઇકોનોમેટ્રિક્સ) અથવા ગણિતશાસ્ત્ર (મેથેમેટિક્સ) અથવા પ્રયોજિત ગણિતશાસ્ત્ર (એપ્લાઇડ મેથેમેટિક્સ) અથવા એડવાન્સ સ્ટેટિસ્ટિક્સમાં અનુસ્નાતકની પદવી અથવા સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઈઓ લાગુ પડશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

માયા એમ. ડાભી,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ: ૧૪મી મે, ૨૦૨૫ના હુકમ ક્રમાંક. કેપી/૨૦૨૫નો ૧૯/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૯/સેક્શન-જે.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

The Gujarat Panchayats Act, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક. કેપી/૨૦૨૫નો ૧૯/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૯/સેક્શન-જે:- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામાં ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૦૭-યુડીયુએચડી/ સીઓસી/ ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૩૨/પી સેક્શન, કેવી-૨૦૨૫નો ૦૮-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૩૨/પી સેક્શન અને કેવી-૨૦૨૫-નો ૦૯-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૩૨/પી સેક્શન-થી, મોરબી જિલ્લાના શક્તસનાળા, રવાપરા, લીલાપર, અમરેલી, નાની વાવડી, ભડિયાદ (જવાહર), ત્રાજપર (માળીયા વવાણીયા), મહેન્દ્રનગર (ઈંદિરાનગર) અને માધાપર/ વજેપર ઓ.જિ. ગ્રામ પંચાયતોના વિસ્તારોને ''મોટા શહેરી વિસ્તારો'' તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને મોરબી શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરી છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો, ''મોટા શહેરી વિસ્તારો'' હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, મોરબીના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણપણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તાલુકા પંચાયત, મોરબીના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તાલુકા પંચાયત, મોરબીના સંબંધિત મતદાર વિભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, તાલુકા પંચાયત, મોરબીના પ્રતિનિધિઓ હોતા બંધ થતા હોવાથી, તાલુકા પંચાયત, મોરબીના સભ્યો તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા તાલુકા પંચાયત, મોરબીના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનું નક્કી કર્યું છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિમય, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮-મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન તાલુકા પંચાયત, મોરબીના સભ્યોની સંખ્યા કામચલાઉ રીતે ૨૬માંથી ઘટાડીને ૨૧ કરે છે;

૨. જેમને સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા હોય તેવા તાલુકા પંચાયત, મોરબીના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલા તાલુકા પંચાયત, મોરબીના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧.	મોરબી	મોરબી	૧૩- મહેન્દ્રનગર	ભાવનાબેન જયંતિલાલા શેરસિયા
૨.	મોરબી	મોરબી	૧૪-મહેન્દ્રનગર	રસીલાબેન ઘોઘાભાઈ સીપરા
૩.	મોરબી	મોરબી	૨૨-રવાપરા-૧	ચિરાગ શિવલાલભાઈ કાસુન્દ્રા
૪.	મોરબી	મોરબી	૨૫-ત્રાજપર-૧	અશ્વિનભાઈ ગોરધનભાઈ પાટડિયા
૫.	મોરબી	મોરબી	૨૬-ત્રાજપર-૨	જલાભાઈ સામતભાઈ ડાભી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દર્શન દેસાઈ,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૫

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનું તારીખ: ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪નું જાહેરનામું ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૬૯/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૪૩૨૧/ચ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India.

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. કેપી/૨૦૨૪નો ૬૯/પીઆરએચઆરડીડી/વીબીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૪૩૨૧/ચ:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ સાથે વાંચતા, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ના ખંડ (જ)થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો સાથે વિચારવિનિમય કરીને, ગુજરાત સરકાર, આથી,-

(૧) અનુસૂચિના કોલમ ૩-માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારમાંથી, કોલમ ૫-માં દર્શાવેલ સ્થાનિક વિસ્તાર બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭-માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોના બનતા, કોલમ ૬-માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલા સ્થાનિક વિસ્તારો	વિદ્યમાન ગામમાંથી બાકાત કરેલા સ્થાનિક વિસ્તારો	નવા બનેલા ગામનું નામ	નવા ગામમાં આવરી લીધેલા વિસ્તારો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	સાંતલપુર	૫૨	૧. ૫૨ ૨. રાજુસરા	૧. રાજુસરા	૫૨	૧. ૫૨
					રાજુસરા	૨. રાજુસરા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સિમરન પોપટાણી,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તારીખ: ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/એનજે/૨૦૨૪-૫૫૩/એનડબલ્યુઆરડબલ્યુએસકેડી/એફપીઆર/ઈ-ફાઈલ/૧૩/૨૦૨૪/૬૧૦૦/સેક્શન-જી.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Rescinding the Technical Assistant, Class III (Pre-service training and passing of post-training Examination) Rules, 2021

તકનિકી મદદનીશ, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૨૧ રદ કરવા સંબંધી જાહેરનામું

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૪

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જી/એનજે/૨૦૨૪-૫૫૩/એનડબલ્યુઆરડબલ્યુએસકેડી/એફપીઆર/ઈ-ફાઈલ/૧૩/૨૦૨૪/૬૧૦૦/સેક્શન-જી:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તારીખ: ૨૯મી નવેમ્બર, ૨૦૨૧ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએનજે / ૨૮ / ૨૦૨૧ / ઈએસટી / ૧૦૨૦ /૭૩૭ /૦૭ / જી હેઠળ બહાર પાડેલા તકનિકી મદદનીશ, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૨૧ રદ કરવા નીચેના નિયમો કરે છે:

૧. આ નિયમો તકનિકી મદદનીશ, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) (રદ કરવા બાબત) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

૨. તકનિકી મદદનીશ, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૨૧ આથી રદ કરવામાં આવે છે:

પરંતુ આવી રીતે રદ થવાથી, આવી રીતે રદ કરેલા નિયમો હેઠળ કરેલા કોઈ કૃત્ય અથવા લીધેલા કોઈ પગલાંને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિપીન એમ. જાદવ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.17 15:32:57 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar